| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૩/૦૮/૨૦૧૭ |
| રજીષ્ટર તારીખ | : | ૦૩/૦૮/૨૦૧૭ |
| ફેંસલ તારીખ | : | ૧૦/૦૧/૨૦૨૩ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૫ ૦૫ ૦૭ |

**સુરેન્દ્રનગર જીલ્લાનાં મહે.ચોથા એડીશ્નલ સેશન્સ જજ(શ્રી બીપીન કે.બારોટ) સાહેબની કોર્ટમાં, મુકામ–સુરેન્દ્રનગર.**

**સેશન્સ કેસ નં. ૬૧/૨૦૧૭**
**આંક– ૯૨.**

**શ્રી સરકાર. :: ફરીયાદી.**

**વિરૂધ્ધ**

**જીગરભાઈ જીતેન્દ્રભાઈ ચાવડા,**
ઉ.વ.આ.૨૪,ધર્મે–હિન્દુ,ધંધો–મજુરી,
રહે.લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટી,
શેરી નં.૧, બ્લોક નં.૨,
તા.વઢવાણ,જી.સુરેન્દ્રનગર. **:: આરોપી.**

**ગુન્હો : ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા ૨૦૧ મુજબ.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**શ્રી સરકાર તરફે : વિ.એડી.પી.પી.શ્રી પી.જી.રાવલ.**
**આરોપી તરફે : ચીફ લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ શ્રી વી.કે.રાઠોડ.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## -:: હુ કા મ ::-

(૧) આ કામનાં ફરીયાદીની ફરીયાદ આધારે જોરાવરનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૫૧/૨૦૧૭થી ગુન્હો નોંધી તપાસને અંતે હાલનાં આરોપી સામે ઇ.પી.કો. કલમ-૩૦૨ તથા ૨૦૧ મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આ કામની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, તા.૧૪/૦૬/૨૦૧૭નાં રોજ વહેલી પરોઢના સાડા ત્રણ ચારેક વાગ્યાનાં અરસામાં આ કામનાં ફરીયાદી ચાંદની બેન જીતેન્દ્રભાઇ ચાવડા(અનુ.જાતિ), રહે.જોરાવરનગરનાંઓ ઘરમાં દેકારો થતા ઉઠી ગયેલ અને જોયેલ તો તેમનો ભાઇ જીગર તેમના પિતા જીતેન્દ્રભાઇ નાગરદાસ ચાવડાને ઢીકાપાટુથી માર મારતો હોય અને મારતો મારતો બોલતો હતો કે તમે મને પૈસા કેમ આપતા નથી અને મિલ્કત મારા નામે કેમ કરી આપતા નથી, તેમ કહી ઉશ્કેરાઇ જઇ તેમને પકડી ધકકો મારતા જાળી સાથે માથુ ભટકાતા ફરીયાદીના પિતા પડી ગયેલ અને બેભાન જેવા થઇ જતા ફરીયાદી તથા તેમના મમ્મીએ હિંમત કરી આજીજી કરતા, ફરીયાદીના ભાઇએ કહેલ કે, આ ડોશો મરે એમ નથી અને સમય થવા છતા તેમના પિતા ભાનમાં નહી આવતા ફરીયાદીના ભાઇને ડર લાગતા તેણે ૧૦૮માં ફોન કરેલ જે ૧૦૮ સાડા છએક વાગ્યે આવતા તેમના પિતાને તપાસતા ગુજરી ગયેલ હોવાનું જણાવેલ જેથી, ફરીયાદીના દાદા નાગરદાસ મનજીભાઇ ચાવડાને જાણ કરતા તેઓ તથા તેમની બહેન અંજનાબેન તથા બનેવી નરેશભાઇ પરમાર આવી જતા ફરીયાદીએ તેમના પિતાને તેમના ભાઇ જીગરે માર મારતા ગુજરી ગયેલ હોવાનું જણાવતા તેમના પિતાની લાશ ગાંધી હોસ્પીટલ, સુરેન્દ્રનગર મુકામે પી.એમ.માટે મુકાવેલ. ત્યાર બાદ, આ બાબતમાં ફરીયાદી એ આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ પોલીસ સબ ઇન્સ.શ્રી,જોરાવરનગર રૂબરૂ આપેલ.

(૩) ઉપરોકત ફરીયાદ આધારે પોલીસે આરોપી વિરૂધ્ધ જોરાવરનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૫૧/૨૦૧૭,ઇ.પી.કો.કલમ-૩૦૨ મુજબનો ગુન્હો દાખલ કરેલ

અને ત્યાર બાદ, તપાસ કરનાર અમલદારે તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોનાં નિવેદન લીધેલ,બનાવવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામુ કરેલ, આરોપીને ધોરણસર અટક પંચનામાની વિગતે અટક કરેલ તથા મુદ્દામાલ કપડા અને બ્લડ સેમ્પલ વિગેરે કબ્જે કરેલ. ત્યાર બાદ,આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા તપાસનાં અંતે ઇ.પી.કો.કલમ-૩૦૨ તથા ૨૦૧ મુજબનાં ગુન્હાનું ચાર્જશીટ તૈયાર કરી વિ.ચીફ જયુડી. મેજી.શ્રી,સુરેન્દ્રનગરની કોર્ટમાં રજુ કરતા તે ફોજદારી કેસ નં.૧૧૧૦/૨૦૧૭થી રજીષ્ટરે લેવામાં આવેલ. ત્યાર બાદ, આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુન્હાઓની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા એક માત્ર હકુમત ધરાવતી નામ.સેશન્સ અદાલત,સુરેન્દ્રનગરને હોઇ વિ.ચીફ જયુડી.મેજી.(ફ.ક.)શ્રી,સુરેન્દ્રનગરએ સદરહું કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૯ હેઠળ સેશન્સ અદાલતમાં કમીટ કરતા સેશન્સ કેસ નં.૬૧/૨૦૧૭થી રજીષ્ટરે લેવામાં આવેલ છે અને ત્યાર બાદ,સદરહું સેશન્સ કેસ અત્રેની અદાલતમાં ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા માટે તબદીલ કરવામાં આવેલ છે.

(૪) આ કામનાં આરોપી જેલમાં હોઇ જાપ્તા સાથે હાજર થતાં આરોપીને નકલ મળ્યાની ખાતરી કર્યા બાદ આ આરોપી સામે આંક-૦૫થી ઇ.પી.કો.કલમ-૩૦૨ તથા ૨૦૧ મુજબનું તહોમતનામુ ફરમાવેલ અને આંક-૦૬થી આરોપીનો જવાબ લેવામાં આવેલ. આરોપીએ ગુન્હો કર્યાનો ઇન્કાર કરી તેઓ સામેની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ. ત્યાર બાદ, ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ચાંદનીબેન જીતેન્દ્રભાઇ ચાવડા | ફરીયાદી | ૦૭ |

| | | | |
|---|---|---|---|
| ૨. | ડો.શંભુપ્રસાદ બાબુલાલ રાય | મેડી.ઓફીસર | ૦૯ |
| ૩. | ડો.કુમાર રમાપતી આસીત | મેડી.ઓફીસર | ૧૪ |
| ૪. | મંજુલાબેન જીતેન્દ્રભાઇ ચાવડા | સાહેદ | ૧૯ |
| ૫. | અંજનાબેન નરેશભાઇ પરમાર | સાહેદ | ૨૧ |
| ૬. | ગૌતમભાઇ લક્ષ્મણભાઇ સોલંકી | પંચ સાહેદ | ૨૪ |
| ૭. | રાજાભાઇ મનજીભાઇ મકવાણા | પંચ સાહેદ | ૨૭ |
| ૮. | પ્રકાશભાઇ ગીરીશભાઇ વાઘેલા | પંચ સાહેદ | ૨૯ |
| ૯. | દીપકભાઇ રમેશભાઇ વાણીયા | પંચ સાહેદ | ૩૩ |
| ૧૦ | પ્રવીણભાઇ ત્રીકમભાઇ રાઠોડ | પંચ સાહેદ | ૩૪ |
| ૧૧ | રવીભાઇ મનુભાઇ મકવાણા | પંચ સાહેદ | ૩૫ |
| ૧૨ | કનુભાઇ ઉકાભાઇ ગેડીયા | પંચ સાહેદ | ૩૯ |
| ૧૩ | મુબારક અકબરઅલી પીરાણી | પંચ સાહેદ | ૪૭ |
| ૧૪ | નાગરદાસ મનજીભાઇ ચાવડા | સાહેદ | ૫૦ |
| ૧૫ | અજય ઐલેષભાઇ ચાવડા | સાહેદ | ૫૧ |
| ૧૬ | પરેશભાઇ શાંતીલાલ ભટ્ટી | પંચ સાહેદ | ૫૨ |
| ૧૭ | નરેશભાઇ પાલજીભાઇ પરમાર | સાહેદ | ૫૪ |
| ૧૮ | કિશોરભાઇ નગીનભાઇ મકવાણા | સાહેદ | ૫૫ |
| ૧૯ | લાલજીભાઇ લવજીભાઇ પરમાર | સાહેદ | ૫૬ |
| ૨૦ | ગૌતમભાઇ લક્ષ્મણભાઇ સોલંકી | સાહેદ | ૫૭ |
| ૨૧ | દાવલભાઇ સુલેમાનભાઇ મલ્લા | પી.એસ.ઓ. | ૬૧ |
| ૨૨ | મયુરસીંહ જોરૂભા જાડેજા | તપાસનીશ અધિ. | ૬૫ |
| ૨૩ | અમીતદાન પ્રવીણદાન ગઢવી | તપાસનીશ અધિ. | ૬૮ |

## –:: દસ્તાવેજી પુરાવો ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૦૮ |
| ૨. | આરોપીનું બ્લડ સેમ્પલ લેવા અંગેની પોલીસ યાદી | ૧૦ |
| ૩. | અસલ કેસ પેપર | ૧૧ |
| ૪. | સેમ્પલ મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ લેટર | ૧૨ |

| | | |
|---|---|---|
| ૫. | પી.એમ.કરવા અંગે પોલીસ યાદી | ૧૫ |
| ૬. | મરણોતર પંચનામુ | ૧૬ |
| ૭. | પોલીસ રીપોર્ટ | ૧૭ |
| ૮. | પી.એમ.રીપોર્ટ | ૧૮ |
| ૯. | આરોપી અટક પંચનામુ | ૨૨ |
| ૧૦ | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૨૫ |
| ૧૧ | મરણ જનારનાં કપડા કબ્જે કર્યા અંગેનુ પંચનામુ | ૩૦ |
| ૧૨ | મુદ્દામાલ કાપલી | ૩૧–૩૨ |
| ૧૩ | આરોપીના કપડા કબ્જે કર્યા અંગેનુ પંચનામુ | ૩૬ |
| ૧૪ | મુદ્દામાલ કાપલીઓ | ૩૭–૩૮ |
| ૧૫ | આરોપીનાં બ્લડ સેમ્પલ કબ્જે કર્યા અંગેનુ પંચનામુ | ૪૮ |
| ૧૬ | સા.નાગરદાસ ચાવડાએ જિલ્લા ન્યાયાલયને આરોપીને જામીન પર ન છોડવા સંબંધે લખેલ પત્ર અસલ | ૫૮ |
| ૧૭ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૬૨ |
| ૧૮ | પોસ્ટ મોર્ટમ અંગેનો પોલીસ રીપોર્ટ | ૬૯ |
| ૧૯ | ભારે ગુન્હાનો રીપોર્ટ | ૭૦ |
| ૨૦ | મોબાઇલ ઇન્વે.વાનનો પ્રાથમિક અહેવાલ | ૭૧ |
| ૨૧ | મરણ જનારનું ડીસએબીલીટી સર્ટીફીકેટ | ૭૨ |
| ૨૨ | મુદ્દામાલનાં પૃથકકરણ અંગે પોલીસ યાદી | ૭૩ |
| ૨૩ | મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ.ની પહોંચ | ૭૪ |
| ૨૪ | પરીક્ષણ અહેવાલ | ૭૫ |
| ૨૫ | ફરીયાદીનું સી.આર.પી.સી.ક.૧૬૪ મુજબનું નિવેદન લેવા અંગે પોલીસ યાદી | ૭૬–૭૭ |
| ૨૬ | ફરીયાદીનું સી.આર.પી.સી.ક.૧૬૪ મુજબનું નિવેદન | ૭૮ |
| ૨૭ | સાહેદનું સી.આર.પી.સી.ક.૧૬૪ મુજબનું નિવેદન | ૭૯ |
| ૨૮ | એફ.આઇ.આર.માં કલમ ઉમેરા અંગેનો રીપોર્ટ | ૮૦ |
| ૨૯ | આરોપીની અન્ય ગુન્હા અંગેની માહિતી માટેની યાદી | ૮૧ |
| ૩૦ | ગાંધીગ્રામ પો.સ્ટે.ની માહિતી મોકલ્યા અંગેની યાદી | ૮૨ |

(૬) ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ વિ.એડી.પી.પી.શ્રીએ આંક–૮૩થી ડ્રોપ પુરશીસ આપ્યા બાદ, આંક–૮૪થી પુરાવો પુરો કર્યાનું જાહેર કરતાં, ઉપર મુજબનો પુરાવો પુરો થઇ ગયા બાદ આરોપીનો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ જવાબ નોંધવામાં આવેલ જેમાં તેઓએ તેમની વિરૂધ્ધની હકીકતોનો ઇન્કાર કરી, કોઇ ગુન્હો કરેલ નહી હોવાનું અને તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. આરોપીએ સોગંદ પર કોઇ જુબાની આપેલ નથી કે બચાવના કોઇ સાહેદોને તપાસેલ નથી. વિશેષમાં પુછતા તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ હોવાનું અને નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૭) આ કામે ફરીયાદ પક્ષે વિ.એડી.પી.પી.શ્રી પી.જી.રાવલની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામનાં આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ–૩૦૨ તથા ૨૦૧ મુજબનો ગુન્હો આચરેલા નો આક્ષેપ છે. આ કામે ફરીયાદ પક્ષનાં અમુક સાહેદો ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન આપતા નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. પરંતુ, કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરી ગયેલા સાહેદો જેટલે અંશે ફરીયાદ પક્ષને મદદરૂપ થતા હોય તેટલો પુરાવો માની આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. ફરીયાદ પક્ષે આંક–૫૦થી તપાસેલ મરણ જનારનાં પિતા નાગરદાસ મનજીભાઇ ચાવડાએ ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ છે તથા બનાવ બાદ તેમની પૌત્રી ચાંદનીએ તરત આ સાહેદને ફોન કરેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં મરણ જનાર તેમના પુત્ર જીતન્દ્ર પાસેથી આરોપી ઘણા સમયથી વારંવાર પૈસાની માંગણી કરતો અને મકાન તેના નામે કરી લેવાનુ કહેતો અને મારકુટ કરી ઝઘડો કરતો હોવાનું જણાવેલ છે તથા આરોપીએ આવેશમાં આવી તેમના મરણ જનાર તેમના દિકરાને ઢીકાપાટુનો માર મારી લોખંડની જાળી સાથે માથુ ભટકાડી મોત નીપજાવેલ હોવાનું તેમની જુબાનીમાં જણાવેલ છે. વધુમાં,ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદ અજય શૈલેષભાઇ ચાવડાએ પણ તેમની આંક–૫૧ની જુબાનીમાં ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ છે. ફરીયાદ પક્ષે તપાસેલ મેડીકલ ઓફીસર ડો.કુમાર રમાપતી આસીતે આંક–૧૪થી જુબાની આપી મરણ જનારનાં પી.એમ. દરમ્યાન કરેલી

તપાસ તથા ઈજાઓની સ્થિતીનું વર્ણન કરેલ છે તથા મરણ જનારનું મોત માથા અને મગજને ઈજા થવાથી થયેલ હોવાનો અને સાથે સાથે બન્ને ભાગનાં ફેફસાની ઈજાઓને કારણે મોત થયેલ હોવાનો અભિપ્રાય આપેલ છે તથા લાશની ઈજાઓ જોતાં આ ઈજાઓ કોઇ પણ ઓસરીની જાળીએ માથાને ભટકાડેલ હોય અને લાશની ઉપર આડેધડ લાતો અને પાટાઓ મારેલ હોય તો થઈ શકે તેવી ઈજાઓ હોવાનું જણાવેલ છે. આમ, મેડીકલ ઓફીસરશ્રીની જુબાની ધ્યાને લેતાં મરણ જનારનાં પિતાની જુબાનીને સમર્થન મળે છે. વધુમાં, ફરીયાદ લેનાર તથા તપાસ કરનાર પોલીસ સાહેદોએ જુબાની આપી, ફરીયાદીની ફરીયાદ તેઓના લખાવ્યા મુજબ લખેલાનું જણાવી તેઓએ આ ગુન્હાની કરેલ તપાસનું વર્ણન કરેલ છે. ફરીયાદ પક્ષે તપાસેલ પંચ સાહેદોએ હાલનાં ગુન્હાનાં કામે કરવામાં આવેલ પંચનામાઓમાં તથા મુદ્દામાલ પાવતીમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. ફરીયાદ લેનાર તથા તપાસ કરનાર અધિકારી તેમજ મેડીકલ પુરાવો સ્વતંત્ર પુરાવો છે અને આ પુરાવાથી ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે છે. જેથી,આ કામે રજુ દસ્તાવેજી પુરાવો તથા તપાસ કરનાર અધિકારીની જુબાની આધારે પણ આરોપીઓ સામેનો કેસ પુરવાર થાય છે અને તે સંજોગોમાં આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાની હકીકતો પુરવાર થયેલી ન માનવાને કોઇ કારણ રહેતુ નથી. જેથી,આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલી છે.

(૮) આ કામનાં આરોપી તરફે ચીફ લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ શ્રી વી.કે.રાઠોડની દલીલો ધ્યાને લેતાં, મુખ્યત્વે એવી દલીલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોની જુબાનીઓમાં આરોપીઓ વિરૂધ્ધ કોઈ જ પુરાવો આવતો નથી. આ તમામ સાહેદોની જુબાનીઓ જોતાં આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ નથી. આ કામનાં ફરીયાદી ફરીયાદ હકીકતોને સમર્થન આપતા નથી તથા મરણ જનારનાં મોટા ભાગનાં કુટુંબીજનો પણ હાલનાં આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવો આપતા નથી તથા ફરીયાદ પક્ષે વિમુખ જાહેર થયેલ છે. ફરીયાદ પક્ષે

તપાસેલ મરણ જનાર સાહેદનાં પિતા નાગરદાસ મનજીભાઇ ચાવડાની આંક–૫૦ની તથા સાહેદ અજય શૈલેષભાઇ ચાવડાની આંક–૫૧ની જુબાની ધ્યાને લેતાં, તેઓએ તેમની જુબાનીમાં આરોપી વિરૂધ્ધની હકીકતો તેમની સરતપાસમાં જણાવેલી છે. પરંતુ, બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસમાં આ સાહેદોને બનાવ અંગેની જાત માહિતી ન હોવાનું તથા બનાવ વખતે તેઓ બનાવ સ્થળે હાજર ન હોવાનું તેમની જુબાની પરથી જણાઇ આવે છે. જેથી, આ સાહેદ કર્ણોપકર્ણ સાહેદ હોય તેમની જુબાની આધારે ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થયેલો માની શકાય નહી અને તેથી તેમની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ બનતી નથી. આ કામે તપાસેલ નજરે જોનાર સાહેદો તથા પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી ત્યારે મેડીકલ એવીડન્સ અને પોલીસ સાહેદ અને તપાસ કરનાર અધિકારીની જુબાની આધારે આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહી. જેથી, ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ પુરાવો જોતાં આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હો નિ:શંકપણે પુરવાર થતો ન હોઇ,આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

(૯) ઉપરોકત હકીકત જોતાં આ કેસનાં ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં ફરીયાદીનાં પિતા જીતેન્દ્રભાઇ ઘણા સમયથી માનસીક રીતે અસ્થિર હોય અને તેમના પુત્ર, આ કામનાં આરોપી તેઓની પાસે પૈસાની તેમજ મિલ્કત તેના નામે કરી આપવા માંગણી કરી દબાણ કરતા હોય પરંતુ, ફરીયાદીના પિતા માંગણી પુરી ન કરતા, આરોપીએ ઉશ્કેરાઇ જઇ પોતાના પિતાને પોતાના જ ઘરે, ગઇ તા.૧૪/૦૬/૧૭નાં રોજ વહેલી સવારનાં સાડા ત્રણથી ચાર વાગ્યાના અરસામાં ખુબ જ ઢીકા પાટુનો માર મારી તેમજ ઉંચા કરી, લોખંડની જાળી સાથે વારંવાર ક્રુરતાપુર્વક માથુ ભટકાડી,

માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તથા શરીરે મુંઢ ઈજાઓ કરી, લાતો મારી, ક્રુર રીતે કરૂણ મોત નીપજાવી તથા શરીરે જે જગ્યાએ લોહી નીકળેલ તે જગ્યાએ કપડા લુછી સાફ કરી, પુરાવાનો નાશ કરી,ઇ.પી.કો. કલમ–૩૦૨ તથા ૨૦૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## **(૧૧) –:: કારણો ::–**

**(૧૧.૧)** આ કામે બન્ને પક્ષનાં વિ.વકીલશ્રીઓની દલીલો સાથે આ કામમાં જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે તે સમગ્ર પુરાવાની ચર્ચા સાથેની સમીક્ષા કરવામાં આવે તો આ કામે પ્રથમ અતિ મહત્વપુર્ણ ફરીયાદી તથા બનાવ નજરે જોનાર સાહેદોની જુબાનીની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

**(૧૧.૨)** હાલનાં કેસમાં આરોપીએ મરણ જનાર તેમના પિતાને ખુબ જ ઢીકા પાટુનો માર મારી તેમજ ઉંચા કરી,લોખંડની જાળી સાથે વારંવાર ક્રુરતાપુર્વક માથુ ભટકાડી, માથાના ભાગે ગંભીર ઇજાઓ કરી તથા શરીરે મુંઢ ઇજાઓ કરી, લાતો મારી, ક્રુર રીતે કરૂણ મોત નીપજાવી ઇ.પી.કો.કલમ–૩૦૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલાનો તથા મરણ જનારનાં શરીરે જે જગ્યાએ લોહી નીકળેલ તે જગ્યાએ કપડા લુછી સાફ કરી, પુરાવાનો નાશ કરી ઇ.પી.કો.કલમ–૨૦૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલાનો આક્ષેપ છે. જે આક્ષેપો પુરવાર કરવા માટે, ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદો પૈકી ફરીયાદી ચાંદનીબેન જીતેન્દ્રભાઇ ચાવડાની આંક–૦૭ની જુબાની, નજરે જોનાર સાહેદ

મંજુલાબેન જીતેન્દ્રભાઇ ચાવડાની આંક–૧૯ની જુબાની, સાહેદ અંજનાબેન નરેશભાઇ પરમારની આંક–૨૧ની જુબાની, સાહેદ નરેશભાઇ કાનજીભાઇ પરમારને આંક–૫૪થી, સાહેદ કીશોરભાઇ નગીનભાઇ મકવાણાને આંક–૫૫થી, સાહેદ લાલજીભાઇ લવજીભાઇ પરમારને આંક–૫૬થી, સાહેદ ગૌતમભાઇ લક્ષ્મણભાઇ સોલંકીને આંક–૫૭થી તપાસેલ છે. જેઓએ ફરીયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તે તમામ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિસ્તૃત ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં, બનાવવાળી જગ્યાનાં આંક–૨૫નાં પંચનામાનાં પંચ સાહેદ ગૌતમભાઇ લક્ષ્મણભાઇ સોલંકીની આંક–૨૪ની જુબાની તથા પંચ પ્રવિણભાઇ ત્રીકમભાઇ રાઠોડની આંક–૩૪ની જુબાની, મરણ જનારનાં કપડા કબ્જે કર્યા અંગેના આંક–૩૦ના પંચનામાના પંચ પ્રકાશભાઇ ગીરીશભાઇ વાઘેલાને આંક–૨૯થી તથા દીપક રમેશભાઇ વાણીયાને આંક–૩૩થી, આરોપીનાં કપડા કબ્જે કર્યાના આંક–૩૬નાં પંચનામાના પંચ રવીભાઇ મેરૂભાઇ મકવાણાને આંક–૩૫થી તથા પંચ કનુભાઇ ઉકાભાઇ ગેડીયાને આંક–૩૯થી, આરોપીનું બ્લડ સેમ્પલ લેવાયેલ તેના આંક–૪૮નાં પંચનામાના પંચ મુબારક અકબરઅલી પીરાણીને આંક–૪૭થી અને અજય શાંતીલાલ ભટ્ટીને આંક–૫૨થી તપાસેલ છે. જેઓએ પંચનામાની હકીકતને પોતાની જુબાનીમાં સમર્થન આપેલ નથી. તે તમામ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિસ્તૃત ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી. જેથી,ઉપરોકત પંચ સાહેદોની જુબાની પર આધાર રાખી શકાય તેમ નથી. વધુમાં, રેકર્ડ ધ્યાને લેતાં આ કામે તપાસવામાં આવેલ ઇન્કવેસ્ટ પંચનામાના પંચ રાજાભાઇ મનજીભાઇ મકવાણાની આંક–૨૭ની જુબાની, સાહેદ નાગરદાસ મનજીભાઇ ચાવડાની આંક–૫૦ની જુબાની, સાહેદ અજય ચૈલેષભાઇ ચાવડાની આંક–૫૧ની જુબાની, પી.એસ.ઓ.દાવલભાઇ સુલેમાનભાઇની આંક–૬૧ની જુબાની, ચાર્જશીટ કરનાર મયુરસીંહ જોરૂભા જાડેજાની આંક–૬૫ની તથા તપાસ કરનાર અધિકારી અમીતદાન પ્રવીણદાન ગઢવીની આંક–૬૮ની જુબાની ધ્યાને લેતાં તેઓએ ફરીયાદ

પક્ષની હકીકતને સમર્થન આપેલ હોઇ તેમજ આ કામે ફરીયાદી ચાંદનીબેન જીતેન્દ્રભાઇ ચાવડા અને સાહેદ મંજુલાબેન જીતેન્દ્રભાઇ ચાવડા કે જેઓ નજરે જોનાર સાહેદો છે તેમજ સાહેદ અંજનાબેન નરેશભાઇ પરમાર મરણ જનારનાં દિકરી અને બનાવ બાદ તુરંત ઘટના સ્થળે પહોંચેલ છે. જેથી, તેઓની જુબાની આધારે આરોપી સામેનો કેસ પુરવાર થાય છે કે કેમ તે તપાસવાનું રહે છે.

**(૧૧.૩)** ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદો પૈકી સાહેદ નં.૧ તરીકે ફરીયાદી ચાંદનીબેન જીતેન્દ્રભાઇ ચાવડાની આંક–૦૭ની જુબાની ધ્યાને લેતાં તેમાં તેઓએ જણાવે છે કે, બનાવને આશરે દોઢેક વર્ષ જેટલો સમય થયો હશે, રાત્રીના સમયે બનેલ બનાવની રાતે તેઓ તથા તેમના મમ્મી બન્ને રૂમમાં સુતા હતા, તેમના પિતા તેઓની રૂમમાં સુતા હતા અને તેમના ભાઇ ઓસરીમાં સુતા હતા, તેમના પિતાને હાઇ બીપી તથા માનસીક બીમારી હોય, બનાવના દિવસે તેઓને હાઇબીપી થઇ જતા ચકકર આવતા પડી ગયેલા અને માથામાં લોખંડનો પલંગ વાગેલો અને પડી ગયેલા હોય લોહી નીકળેલુ અને લોહીની ઉલટી થયેલી, તેઓએ તેમને તાત્કાલીક પાણી પીવરાવી ૧૦૮ને ફોન કરતા ૧૦૮ આવી જતા ડોકટરે તેમના પિતાને મૃત જાહેર કરેલ, પછી તેમના પિતાને પી.એમ.માટે ગાંધી હોસ્પીટલમાં લઇ ગયેલા અને પી.એમ. કરી અંતીમ વિધી કરેલી. વધુમાં, ફરીયાદીએ જણાવેલ છે કે, બનાવ બાબતે તેઓએ કોઇ ફરીયાદ આપેલ નથી. ફરીયાદીએ આંક–૦૮થી રજુ અસલ ફરીયાદ તથા ફર્સ્ટ ગુ.ર.નં.૫૧/૧૭થી દાખલ થયેલ નિયત ફોર્મની ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

આમ, ફરીયાદી તેમની પોલીસ રૂબરૂની ફરીયાદથી તદન વિરોધાભાષી હકીકતો તેમની જુબાનીમાં જણાવતા હોય વિ.એડી.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદીની ઉલટ તપાસમાંથી ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. પરંતુ, તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે,૧૦૮ આવ્યા બાદ તેમના દાદા નાગરદાસ મનજીભાઇ

ચાવડાને જાણ કરીને બોલાવેલા. જયારે, આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે જે જોતાં, કહેવાતો બનાવ બનેલ તે વખતે તેમના પિતાની ઉંમર ૫૮ વર્ષની હતી, તેમના પિતા ઉંમરલાયક હોવાના કારણે બી.પી.ની તકલીફના કારણે પણ અવાર નવાર પડી જતા હતા, તેમના પિતાને લોહીની ઉલટી થયેલ અને ઉભા થવા જતા બેલેન્સ ગુમાવતા પલંગ સાથે માથુ ભટકાયેલ, આ હકીકત પોલીસને જણાવેલી તેવી હકીકત કબુલ કરે છે તથા વધુ ઉલટતપાસમાં તેમના ઘરમાં તેઓ, તેમના ભાઇ અને તેમની માતા એમ સુખ શાંતિથી રહેતા હતા, તેમના ઘરમાં કોઇ દિવસ કજીયા કંકાસ થતા ન હતા, ફરીયાદ પોલીસવાળાએ લખેલ હતી અને તેમને સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હતી, તેવી હકીકત પણ કબુલ કરેલ છે.

આમ, ફરીયાદી તેમની જુબાનીમાં હાલનાં આરોપી વિરૂધ્ધ લેશમાત્ર પણ પુરાવો આપતા નથી તથા ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેતાં આ કામનાં આરોપીને હાલનાં ગુન્હાનાં કામે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને ફરીયાદીની જુબાનીથી આરોપી વિરૂધ્ધની કોઇ હકીકત પુરવાર થતી નથી. જેથી, ફરીયાદીની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ બનતી નથી.

**(૧૧.૪)** વધુમાં, ફરીયાદ પક્ષે મરણ જનારનાં પત્નિ મંજુલાબેન જીતેન્દ્રભાઇ ચાવડાને આંક–૧૯થી તપાસવામાં આવેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,તેમના પતિ જીતેન્દ્રભાઇને દસ બાર વર્ષથી માનસીક બિમારી હોય અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં સારવાર ચાલતી હતી જેથી તેઓ કાંઇ કામધંધો કરી શકતા ન હતા, તા.૧૩/૬/૧૭નાં રોજ કાંઇ બનેલ નહી પરંતુ, તા.૧૪/૬/૧૭ની વહેલી સવારે જીતેન્દ્રભાઇ એટલે કે તેમના પતિ બીમારીના કારણે પલંગ ઉપરથી ઉભા થઇ ચાલવા જતા ચકકર આવતા પડી ગયેલ અને ખાટલાની લોખંડની પાઇપ ઉપર તેઓનું માથુ ભટકાતા ૧૦૮ બોલાવેલ અને તેઓએ આવી ચેક કરતા તેમના પતિ મરણ પામેલ હતા તેવુ વાહનના ડોકટરે કહેલ જેથી, તેમના સસરા અને તેમની દિકરીને જાણ કરતા અને તે

બધા આવી જતા તેમના પતિની લાશને ગાંધી હોસ્પીટલ પી.એમ.કરાવેલ. આમ, હાલનાં સાહેદે ફરીયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઇ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઇ પણ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તથા ફરીયાદ પક્ષે વિ.એડી.પી.પી.શ્રીએ તેમની ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઇ પણ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જો કે, આરોપી તરફે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે,જેમાં તેઓએ પણ કહેવાતો બનાવ બનેલ તે વખતે તેમના પતિની ઉંમર ૫૮ વર્ષની હતી, તેમના પતિ ઉંમરલાયક હોવાના કારણે બી.પી.ની તકલીફના કારણે પણ અવાર નવાર પડી જતા હતા, તેમના પતિને લોહીની ઉલટી થયેલ અને ઉભા થવા જતા બેલેન્સ ગુમાવતા પલંગ સાથે માથુ ભટકાયેલ, આ હકીકત પોલીસને જણાવેલી તેવી હકીકત કબુલ કરે છે તથા વધુ ઉલટતપાસમાં તેમના ઘરમાં તેઓ, તેમના દિકરા અને તેમની દિકરી એમ સુખ શાંતિથી રહેતા હતા, તેમના ઘરમાં કોઇ દિવસ કજીયા કંકાસ થતા ન હતા, મારૂ કોઇ નિવેદન મે લખાવેલ નથી, મને કોઇ નિવેદન વાંચવા આપેલ નહી. આમ, ઉપરોકત સાહેદની જુબાની જોતાં ઉપરોકત સાહેદ પણ મરણ જનારનાં પત્નિ અને બનાવ સમયે હાજર હતા તેમ છતાં તેઓએ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી, ઉપરોકત સાહેદની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ થતી નથી.

**(૧૧.૫)** વધુમાં,મરણ જનારનાં દિકરી સાહેદ અંજનાબેન નરેશભાઇ પરમારને આંક-૨૧થી તપાસવામાં આવેલા છે. જેઓની જુબાની ધ્યાને લેતાં, તેઓએ બનાવ સમયે તેઓ સરખેજ રહેતા હતા અને ઘરકામ કરતા હતા, પોલીસે તેમનુ કોઇ નામઠામ કે બનાવની વિગત પુછેલ નથી કે તેઓએ કોઇ પોલીસને બનાવની હકીકત જણાવેલ નથી, ગુજરનાર તેમના પિતા અને આરોપી જીગર તેમનો ભાઇ થાય છે, તેમના પિતાનાં મૃત્યુ અંગે તેમને તેમની માતાએ તા.૧૪/૬/૧૭નાં રોજ જણાવેલ કે, તેમના પિતા રાતે સુતા

હતા ત્યારે તેઓ પેશાબ કરવા ઉઠતા તેઓને બી.પી.ની તકલીફ હોવાનાં કારણે ચકકર આવતા પડી જતા પલંગ સાથે માથુ અથડાતા બેભાન થઇ ગયેલ અને ત્યાર બાદ સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ તેવી હકીકત જણાવેલી છે. આમ, ઉપરોકત સાહેદ કે જેઓ મરણ જનારનાં દિકરી છે તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કરેલ ન હોઇ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઇ પણ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ઉલ્ટાનું, આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતાં,તેઓએ પણ કહેવાતો બનાવ બનેલ તે વખતે તેમના પિતાની ઉંમર ૫૮ વર્ષની હતી, તેમના પિતા ઉંમરલાયક હોવાના કારણે બી.પી.ની તકલીફના કારણે પણ અવાર નવાર પડી જતા હતા, તેમના પિતાને લોહીની ઉલટી થયેલ અને ઉભા થવા જતા બેલેન્સ ગુમાવતા પલંગ સાથે માથુ ભટકાયેલ, આ હકીકત પોલીસને જણાવેલી તેવી હકીકત કબુલ કરે છે તથા વધુ ઉલટ તપાસમાં તેમના ઘરમાં તેઓ, તેમના ભાઇ અને તેમની માતા એમ સુખ શાંતિથી રહેતા હતા, તેમના ઘરમાં કોઇ દિવસ કજીયા કંકાસ થતા ન હતા, તેઓએ કોઇ નિવેદન લખાવેલ નથી, તેમને કોઇ નિવેદન વાંચવા આપેલ નહી, તેવી હકીકત કબુલ કરેલ છે. આમ, ઉપરોકત સાહેદની જુબાની જોતાં ઉપરોકત સાહેદ પણ મરણ જનારનાં દિકરી હોવા છતાં તેઓએ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી, ઉપરોકત સાહેદની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ થતી નથી.

**(૧૧.૬)** ફરીયાદ પક્ષે સાહેદ નરેશભાઇ પાલજીભાઇ પરમારને આંક–૫૪થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,આશરે દોઢેક વરસ પહેલા તેઓ તેમના ઘરે હતા ત્યારે સવારે સાતેક વાગ્યે તેમના સાળા જીગરનો તેમના ઉપર ફોન આવેલ અને કહેલ કે તેમના પિતા પલંગ ઉપરથી પડી ગયેલ છે અને ગુજરી ગયેલ છે. જેથી, તેઓ અને તેમના પત્નિ જોરાવરનગર મુકામે તેમના સાસરે ગયેલા, જોરાવરનગર પહોંચ્યા પછી ખબર પડેલ કે, તેમની સાળી ચાંદનીએ તેમના સાળા વિરૂધ્ધ

તેમના સસરાને મારી નાખવા અંગેનો કેસ કરેલ છે અને ત્યાર બાદ, અંતિમ વિધી વગેરે પતાવી તેઓ અને તેમના પત્નિ બન્ને સરખેજ જતા રહેલા. પોલીસે તેઓ જોરાવરનગર અંતિમ વિધીમાં આવેલા તે વખતે તેમનુ નામ સરનામુ પુછેલુ અને બનાવ વખતે તેઓ સરખેજ હતા તેવુ જણાવેલ હતુ. તેમને આ સિવાય બીજી કોઇ હકીકતની ખબર નથી. તેમને તેમની સાળી ચાંદની સાથે બનાવ બાબતે કોઇ રૂબરૂ વાતચીત થયેલ નથી, સમાધાન થયેલ છે તે બાબતે ખબર ન હોવાનું જણાવેલ છે. આમ, સાહેદે તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કરેલ ન હોઇ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે જે જોતાં,સાહેદે માત્ર તેમના તા.૧૪/૬/૧૭નાં પોલીસ નિવેદનમાં,દવાખાને તેમના સસરાની ડેડબોડી જોતા માથા તથા કપાળના ભાગે તથા શરીરે ચામઠા પડી ગયેલ, કાન અને નાકમાંથી લોહી નીકળી સુકાઇ ગયેલ હોય જેથી, આ બનેલ બનાવ અંગે તેમની પત્નિએ તેના મમ્મી મંજુલાબેન કે જે પગથી પેરાલીસીસના દરદી હોઇ જેઓને તથા તેની નાની બહેન ચાંદનીને પુછતા, તેણીએ જણાવેલ કે આજે વહેલી પરોઢનાં સાડા ત્રણેક વાગ્યાના વખતથી જીગર જે પપ્પા પાસે પૈસાની માંગણી કરેલ અને મકાન તેના નામે કરી દેવા માટે બોલાચાલી ઝઘડો કરેલ હતો, તેવી હકીકત લખાવેલાનું તથા ''તે અગાઉ રાજકોટ બળાત્કારનાં કેસમાં તથા બીજા મારામારીનાં કેસમાં પકડાયેલ છે'', તેવી હકીકત લખાવેલાનું સ્વીકારેલ છે. જયારે બાકીની હકીકત સ્વીકારેલ નથી. જો કે, આ સાહેદની આરોપી તરફે થયેલ ઉલટ તપાસ ધ્યાને લેતાં, તેમના સસરાની ઉંમર સાંઇઠથી પાંસઠ વરસની હોવાનું, તેમના સસરાને હાઇ બી.પી.ની તકલીફ હોવાનું, તેમના સસરાની માનસીક સ્થિતી સારી ન હોવાનું અને તેઓની સારવાર અમદાવાદ ખાતે ચાલતી હોવાનું તથા તેમના સસરા થોડુ ચાલતા હતા અને ચકકર આવતા પડી પણ જતા હતા, તેમને બનાવ અંગે કોઇ જાત માહિતી નથી અને તેઓએ પોલીસને જાતે નિવેદન લખાવેલ હોય તેવુ બનેલ ન હોવાનું કબુલ કરેલ છે. આમ, ઉપરોકત સાહેદની જુબાની જોતાં તેઓએ તેમની સરતપાસમાં તેઓએ બનાવની હકીકતને સમર્થન આપેલ નથી. જયારે તેઓએ પોલીસ રૂબરૂના નિવેદનમાં અમદાવાદથી

નીકળી તેઓ તથા તેમના પત્નિ સુરેન્દ્રનગર આવેલ ત્યારે તેમના સસરાની લાશ ગાંધી હોસ્પીટલ લાવેલ અને ત્યાં તેમના સસરાના મૃતદેહને જોતાં માથા તથા કપાળના ભાગે તથા શરીરે ચામઠા પડી ગયેલ અને કાન અને નાકમાંથી લોહી નીકળી સુકાઇ ગયેલ હોય જેથી આ બનાવ અંગે તેમની પત્નિએ તેની નાની બહેન ચાંદનીને પુછતા તેણીએ જણાવેલ કે, વહેલી પરોઢના સાડા ત્રણેક વાગ્યાનાં વખતથી જીગર જે પપ્પા પાસે પૈસાની માંગણી કરેલ અને મકાન તેના નામે કરી દેવા માટે બોલાચાલી ઝઘડો કરેલ હતો, તેટલી હકીકત સ્વીકારેલ છે તેમજ અગાઉ રાજકોટ બળાત્કારનાં કેસમાં તથા બીજા મારામારીના કેસમાં પકડાયેલ છે તેવી હકીકત પણ તેઓએ નિવેદનમાં લખાવેલ હોવાનું સ્વીકારેલ છે. પરંતુ, આરોપી તરફેની ઉલટ તપાસમાં તેઓને બનાવ અંગે કોઇ જાત માહિતી નથી, તેવી હકીકત કબુલ કરેલી છે તેમજ પોલીસને જાતે નિવેદન લખાવેલ હોય તેવુ બનેલ નથી, તેવી વિગત પણ સ્વીકારેલ છે. આમ, સદર સાહેદની જુબાની જોતાં હાલનાં સાહેદની જુબાની ફરીયાદ પક્ષની હકીકતને મહત્વની બાબતો વિશે સમર્થનકર્તા હોવાનું જણાઇ આવતુ નથી. વધુમાં, આ સાહેદ તેમની સાળી ચાંદનીએ આરોપી જીગરે પૈસાની માંગણી કરેલ અને મકાન તેના નામે કરી દેવા માટે બોલાચાલી ઝઘડો કરેલ હોવાની હકીકત તેમને જણાવેલાનું ફરીયાદ પક્ષે થયેલ ઉલટ તપાસમાં જણાવેલ છે. પરંતુ, આગળ કરેલ ચર્ચા મુજબ સાહેદ ચાંદનીબેન જીતેન્દ્રભાઇ તેમની આંક-૦૭ની જુબાનીમાં આવી કોઇ જ હકીકત જણાવતા નથી. જેથી, આ સાહેદની જુબાની પર આધાર રાખી શકાય તેમ નથી.

**(૧૧.૭)** ફરીયાદ પક્ષે મરણ જનારનાં સાળા સાહેદ કિશોરભાઇ નગીનભાઇ મકવાણાને આંક-૫૫થી તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,ગુજરનાર જીતેન્દ્રભાઇ તેમના બનેવી તથા આરોપી જીગર તેમનો ભાણો થાય છે, આશરે વરસ સવા વરસ પહેલા બનાવનાં દિવસે સવારે આઠથી નવ વાગ્યાનાં ગાળામાં તેમના બહેનનાં સાસરેથી ફોન આવેલ અને જાણવા મળેલ કે, તેમના બનેવી

જીતેન્દ્રકુમાર ગુજરી ગયેલ છે ત્યાર બાદ, સુરેન્દ્રનગર ગાંધી હોસ્પીટલે ગયેલ અને પી.એમ. વગેરે થયેલ અને તેની લાશની અંતિમ વિધિ કરેલ, તેઓએ લાશ ઉપર કોઇ ઈજા વગેરેનાં નિશાન જોયેલ ન હતા અને બનાવ બાબતે બનાવ કઇ રીતે બનેલો અને શું બનેલો તેની ખબર પડેલ ન હતી, તેમને બનાવ અંગેની જાણ તેમના બહેન કે ભાણીએ રૂબરૂમાં કરેલ હોય તેવુ બનેલ નથી, તેઓ પોલીસ સ્ટેશને ગયેલ અને નામ–સરનામુ લખાવેલ, તેઓએ જાતે જવાબ લખાવેલ હોય તેવું બનેલ નથી, આરોપી તેમના ભાણા ઉપર અગાઉ બળાત્કારનો કેસ થયેલો હતો તેની તેમને જાણ છે. આમ, ઉપરોકત સાહેદ કે જેઓ મરણ જનારનાં સાળા છે તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કરેલ ન હોઇ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઇ પણ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ સાહેદે તેમની આરોપી તરફેની ઉલટ તપાસમાં તેમના બનેવીની ઉંમર સાઇંઠથી પાંસઠ વરસની હતી, તેમના બનેવીની માનસિક સ્થિતી સારી ન હતી, સારવાર અમદાવાદ ચાલતી હતી, તેવી હકીકત કબુલ કરેલ છે. વધુમાં, આ સાહેદે તેમની આરોપી તરફેની ઉલટ તપાસમાં તેમના બનેવી ઉભા થતા પલંગ સાથે ભટકાઇને પડી ગયેલાની ખબર ન હોવાનું જણાવે છે. પરંતુ,તેઓએ બનાવ અંગે તેઓને કોઇ જાત માહિતી નથી, પોલીસને જાતે નિવેદન લખાવેલ હોય તેવુ બનેલ નથી, તેવી હકીકતો કબુલ કરેલી છે. જેથી, ઉપરોકત સાહેદની જુબાની પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થતી નથી.

(૧૧.૮) વધુમાં,ફરીયાદ પક્ષે સ્વતંત્ર સાહેદ એવા લાલજીભાઇ લવજીભાઇ પરમાર ને આંક–૫૬થી તપાસવામાં આવેલા છે જેઓએ બનાવ ગયા વર્ષે બનેલો, ચોકકસ સમય, તારીખ કે મહીનો યાદ નથી, બનાવની કોઇ હકીકતની ખબર નથી તેમ જણાવેલ છે તથા બનાવના દિવસે જોરાવરનગરથી રતનપર ઢાળથી પસાર થતા હતા ત્યારે પોલીસે બોલાવી નામઠામ પુછેલુ, તેમણે નામ સરનામુ શા માટે પુછેલ તેવુ કાંઇ પુછેલ નહી,

પોલીસની બીકથી નામઠામ બતાવેલ,જીતેન્દ્રભાઇ નાગરદાસ કોઇ સગાવહાલા થતા નથી, જ્ઞાતિના કારણે ઓળખે છે., પોલીસે નામઠામ પુછેલ ત્યાર બાદ, ઘરે જતા રહેલા, ત્યાર બાદ આ બનાવ અંગેની હકીકત કે પોલીસે તેમને શા માટે બોલાવેલ તે પુછેલ નથી, પોલીસને બનાવ સંબંધમાં પુછપરછ કરતા નિવેદન આપેલ, આરોપીને જ્ઞાતિના હીસાબે ઓળખે છે, તેવી હકીકતો તેમની જુબાનીમાં જણાવી ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કરેલ ન હોઇ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઇ પણ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તથા આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં પોલીસવાળાએ માત્ર તેમનુ નામ ઠામ સરનામુ, ઉંમર લખાવેલ, તેઓએ કોઇ નિવેદન લખાવેલ નથી, તેવી હકીકત કબુલ કરેલ છે. આ સિવાય, ફરીયાદ પક્ષે સાહેદ ગૌતમભાઇ લક્ષ્મણભાઇ સોલંકીને આંક-૫૭થી તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની જુબાનીમાં બનાવનાં દિવસે તેઓ ગાંધી હોસ્પીટલ તેમના કામે ગયેલ ત્યાં પોલીસવાળાએ તેમની સહી તેમની સોસાયટીનાં પ્રવિણભાઇ ત્રીકમભાઇ રાઠોડની સાથે એક સહી લીધેલી, તે લખાણ શું બાબતનું હતુ તેની ખબર નથી, તે લખાણ તેઓએ વાંચેલ નહી કે વંચાવેલ નહી, બીજા દિવસે પોલીસે બનાવ સંબંધે પુછપરછ કરેલી તથા તેઓએ પોલીસને બનાવ અંગેની હકીકત પુછતા, તેઓ જીગરભાઇની સોસાયટીમાં તેમના રહેણાંકની આગળ બે શેરી મુકતા પછીની શેરીમાં રહે છે જેથી ઓળખતા હોઇ, હોસ્પીટલમાં તેમના પીતાશ્રીની લાશને ૧૦૮માં લઇ ગયેલાનું જાણતા હોઇ, ગાંધી હોસ્પીટલે ગયેલ તે સીવાય બીજી કોઇ વાતની ખબર નથી, તેવુ જણાવેલ તેમ જણાવી આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આમ, આ સાહેદે પણ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કરેલ ન હોઇ ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઇ પણ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તથા આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં પોલીસવાળાએ માત્ર તેમનુ નામ ઠામ સરનામુ,ઉંમર લખાવેલ, કોઇ

નિવેદન લખાવેલ નથી તેવી હકીકત કબુલ કરેલ છે. જેથી, ઉપરોકત સાહેદની જુબાની પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થતી નથી.

**(૧૧.૯)** ફરીયાદ પક્ષે મરણ જનારનાં પિતા સાહેદ નાગરદાસ મનજીભાઈ ચાવડાને આંક–૫૦થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની વંચાણે લેતાં, તા.૧૪/૦૬/૨૦૧૭નાં રોજ બનાવ જોરાવરનગર લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટી નં.૨માં બનેલો, તે વખતે તેમના દિકરા જીતેન્દ્ર પાસે તેના દિકરા જીગરે પૈસાની માંગણી કરતા અને મકાન જીગરે તેના નામે કરી દેવા માટે જીતેન્દ્ર સાથે ઝઘડો કરેલ અને તેમના પુત્ર જીતેન્દ્ર પાસે પૈસા ન હોવાથી વાદ વિવાદ અને ઝઘડો થયેલ, રાત્રીનાં ત્રણ વાગ્યે તેમના પુત્ર જીતેન્દ્રનાં પુત્ર જીગરે ઉઠીને તેમના પુત્ર જીતેન્દ્રને ઉઠીને કહેવા લાગેલ કે પૈસા આપ અને મકાન મારા નામે કરી દે, તેમ કહી તેમના મકાનમાં આવેલ લોખંડની જાળી સાથે તેમના પુત્ર જીતેન્દ્રનું માથુ ભટકાડી અને આખા શરીરે ગડદા પાટુ અને ચપ્પાના આડેધડ ઘા મારેલા, ત્યાર પછી તેમની દિકરી ચાંદનીએ ફોન કરેલ અને કહેલ કે, જીતેન્દ્રને મારા ભાઈ જીગરે મારેલ છે તમે આવી જાવ એટલો મારેલ છે કે તેઓ બોલતા બંધ થઈ ગયા છે અને બેભાન થઈ ગયેલ છે, તમે આવી જાવ. જેથી, તેઓ તાત્કાલીક તેમના ઘરે વઢવાણથી નીકળી રીક્ષામાં લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટીના તેમના દિકરા જીતેન્દ્રના ઘરે એકલા પહોંચેલ અને ત્યાં જઈને જોયુ તો જીતેન્દ્ર બોલતો ન હતો અને મરણ પામેલ હોય તેવુ લાગતુ હતુ અને શરીર ઉપરથી બે પાંચ જગ્યાએથી લોહી નીકળતુ હતુ, તેઓ પ્રાઈવેટ રીક્ષામાં મહાત્મા ગાંધી હોસ્પીટલે લઈ ગયેલા અને હોસ્પીટલમાં ડોકટરે મરણ ગયેલ છે તેવુ જાહેર કરેલુ. હોસ્પીટલમાં પી.એસ.આઈ.ગઢવી સાહેબ તાત્કાલીક આવી ગયેલા, દવાખાનામં તેમની સાથે ચાંદની અને જીતેન્દ્રની પત્નિ મંજુલા પણ હતા અને બીજા સગાવાહાલાઓ આવી ગયેલા, જે જાળી ભટકાડેલ તે ઓંસરીમાં આવેલ છે. આ સાહેદે વધુમાં, જણાવેલ છે કે, તેમના પુત્ર જીતેન્દ્ર પાસેથી તેનો દીકરો ઘણા સમયથી વારંવાર પૈસાની માંગણી કરતો અને મકાન તેનાં નામે કરી લેવાનું કહેતો અને મારકુટ કરી

ઝઘડા કરતો હતો અને ઘણીવાર પૈસા લઈ જતો હતો ન આપે તો મારકુટ કરતો હતો, તેમના ઘરે ઘણી વખત આ જીગર આવતો હતો અને તેમને પણ હેરાન પરેશાન કરતો અને પથરાના ઘા તેમના ઘર ઉપર કરતો હતો અને તેના વીરૂધ્ધ બોલાચાલી, ઝઘડા અને પૈસાની માંગણી બાબતે તેના વિરૂધ્ધ વઢવાણ પો.સ્ટે.માં અરજી આપેલ હતી અને ઘણી વખત તેને પોલીસે પકડી કસ્ટડીમાં પણ રાખેલો. આ બનાવ બનવાનું કારણ તેમનો દિકરો જીતેન્દ્ર માનસીક રીતે અસ્થિર હતો અને કાંઇ કામ ધંધો કરતો ન હતો જેથી તેની પાસે પૈસા ન હોઈ અને જીગરને આપતા ન હતા અને મકાન તેમના નામે કરી દેવાની જીગરની જીદના કારણે જીગરે આવેશમાં આવી જે તેના પિતાને ઢીકાપાટુનો માર મારી લોખંડની જાળી સાથે માથુ ભટકાડી મોત નિપજાવેલ છે. બનાવ અંગે પોલીસે તેમની પુછપરછ કરેલી તેમ જણાવી આરોપી તેમના દીકરાનો દીકરો થતો હોઈ ઓળખતા હોવાનું જણાવેલ છે તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૧–૨નાં કપડા જોઈને તે તેમના દિકરા જીતેન્દ્રએ બનાવ વખતે પહેરેલ તે જ હોવાનું જણાવેલ છે તથા આરોપી જીગરે બનાવ વખતે પહેરેલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકુ નહી, તેમ જણાવેલ છે.

આમ, આ સાહેદની જુબાની વંચાણે લેતાં,તેમની પૌત્રી એટલે કે આ કામની ફરીયાદી ચાંદનીએ તેમને ફોન કરી મરણ જનાર જીતેન્દ્રને તેના ભાઈ જીગરે મારેલ છે તમે આવી જાવ તેવુ કહેતા આ સાહેદ બનાવ સ્થળે ગયેલ છે તથા પહોંચેલ અને ત્યાં જઈને જોયુ તો જીતેન્દ્ર બોલતો ન હતો અને મરણ પામેલ હોય તેવુ લાગતુ હતુ અને શરીર ઉપરથી બે પાંચ જગ્યાએથી લોહી નીકળતુ હતુ તેવી હકીકત જણાવેલી છે તથા બનાવનાં કારણમાં તેમનો દિકરો જીતેન્દ્ર માનસીક રીતે અસ્થિર હોઇ,કાંઇ કામ ધંધો કરતો ન હોઈ જીગરને પૈસા આપતો ન હોઈ અને મકાન તેમના નામે કરી દેવાની જીગરની જીદના કારણે જીગરે આવેશમાં આવી તેના પિતાને ઢીકાપાટુનો માર મારી લોખંડની જાળી સાથે માથુ ભટકાડી મોત નિપજાવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી તેમને બનાવ અંગેની જાત માહિતી નથી પરંતુ, તેમને તેમની પૌત્રી ચાંદનીનો ફોન આવેલો તે રીતે બનાવની ખબર પડેલી

તેવી હકીકત કબુલ કરેલ છે. આમ, આ સાહેદે ફરીયાદી ચાંદનીએ તેમને ફોનથી બનાવ અંગેની જાણ કરતા બનાવની જાણ થયેલ છે તથા સાહેદ તેમને ચાંદનીએ ફોનમાં આરોપીએ આવેશમાં આવી તેના પિતાનું મોત નિપજાવેલ હોવાનું જણાવેલાનું પોતાની જુબાનીમાં જણાવે છે. પરંતુ, ફરીયાદી ચાંદનીબેન જીતેન્દ્રભાઇ ચાવડાની આંક–૦૭ વાળી જુબાની ધ્યાને લેતાં તેણી પોતાની જુબાનીમાં આ સાહેદે જણાવેલ કોઇ જ હકીકત જણાવતી નથી. વધુમાં, આ સાહેદની આરોપી તરફે થયેલ ઉલટ તપાસ ધ્યાને લેતાં આરોપી સાથે તેમને પહેલેથી સારા સંબંધ ન હતા તેવી હકીકત કબુલ કરેલ છે. જેથી, આ સાહેદને આરોપી સાથે સારા સંબંધ ન હોવાનું ફલિત થાય છે તેમજ આ કામનાં ફરીયાદી ચાંદનીબેન તેમજ મરણ જનારનાં પત્નિ મંજુલાબેન કે જે મરણ જનારનાં પત્નિ છે જેઓએ અનુક્રમે તેમની આંક–૦૭ અને આંક–૧૯ની જુબાનીમાં મરણ જનાર જીતેન્દ્રભાઇને માનસિક બિમારી હોવાની હકીકત જણાવેલ જે હકીકતને મરણ જનારનાં પિતા એટલે કે હાલનાં સાહેદે સમર્થન આપેલ છે. વધુમાં, હાલનાં સાહેદ બનાવ સમયે તેઓ રીક્ષામાં એકલા જીતેન્દ્રના ઘરે પહોંચેલ અને રીક્ષામાં તેઓ જીતેન્દ્રને હોસ્પીટલ લઇ ગયેલ હોવાની હકીકત જણાવે છે. જયારે, ફરીયાદી ચાંદનીબેન તેમની આંક–૦૭ની જુબાનીમાં તેમજ સાહેદ મંજુલાબેન જીતેન્દ્રભાઇ તેમની આંક–૧૯ની જુબાનીમાં મરણ જનારને ૧૦૮માં હોસ્પીટલ લઇ ગયેલા હોવાનું તેમજ સાહેદ અંજનાબેન નરેશભાઇ પરમાર તેમની આંક–૨૧ની જુબાનીમાં અને સાહેદ નરેશભાઇ પાલજીભાઇ પરમાર તેમની આંક–૫૪ની જુબાનીમાં હાલના સાહેદની સાથે તેઓ મરણ જનાર જીતેન્દ્રભાઇના ઘરે ગયેલ હોવાનું જણાવે છે. વધુમાં, ફરીયાદ હકીકત જોતાં મરણ જનારને આ કામનાં આરોપીઓએ ચપ્પાના આડેધડ ઘા મારેલ હોય તેવો કોઇ આક્ષેપ નથી તેમજ મેડીકલ ઓફીસરની  આંક–૧૪ ની જુબાની ધ્યાને લેતાં તેમાં પણ મરણ જનારનાં શરીરે તીક્ષ્ણ હથીયારનો ઘા કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાવવામાં આવેલ નથી. જયારે હાલનાં સાહેદ મરણ જનારને આરોપીએ ચપ્પાના આડેધડ ઘા મારેલા તેવું પણ જણાવે છે. વધુમાં, આગળ કરેલ ચર્ચા મુજબ આ સાહેદ બનાવ અંગે તેમને ચાંદનીએ જાણ

કરેલાનું અને પોતાને બનાવ અંગે કોઇ જાત માહિતી ન હોવાનું કબુલ કરે છે. પરંતુ, ફરીયાદી ચાંદનીબેન તેમની આંક-૦૭ની જુબાનીમાં આ સાહેદે જણાવેલ કોઇ જ હકીકતો જણાવેલી નથી. જેથી, આ સાહેદની જુબાની ભરોષાપાત્ર જણાતી નથી અને તેમની જુબાની પર આધાર રાખી શકાય તેમ નથી.

**(૧૧.૧૦)** વધુમાં,ફરીયાદ પક્ષે સાહેદ અજય શૈલેષભાઇ ચાવડાને આંક-૫૧થી તપાસવામાં આવેલા છે. જેઓની જુબાની ધ્યાને લેતાં, તા.૧૪/૦૬/૧૭નાં રોજ બનાવ બનેલો ત્યારે તેઓ અમદાવાદ હતા ત્યારે તેમના દાદાનો તેમના મોબાઇલમાં ફોન આવેલ અને બનાવ અંગેની હકીકત જણાવેલ કે, તેમના કાકા જીતેન્દ્રભાઇને લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટીનાં મકાનમાં તેમના કાકાના દિકરા જીગરભાઇએ રાત્રે સાડા ત્રણ વાગ્યે જાળી સાથે ભટકાડીને મારજુડ કરેલ છે અને જીતેન્દ્રભાઇનું મરણ થયેલ છે જે ફોન ૧૪ તારીખનાં સવારે સાડા સાત આઠ વાગ્યાના સુમારે આવતા તેઓ સુરેન્દ્રનગર દવાખાને ગયેલા ત્યાં તેમના દાદા અને બીજા સગા ત્યાં હતા અને તેમના કાકા જીતેન્દ્રભાઇનું મરણ થયેલ હતુ, તેમને અહીં આવ્યા પછી ખબર પડેલી કે તેમના કાકા જીતેન્દ્રભાઇ પાસે તેમના દિકરા જીગરે પૈસાની માંગણી કરેલ અને મકાન તેના નામે કરી દેવા માટેનું કહી મારજુડ કરેલ અને આવા પણ પહેલા ઘણા પ્રસંગો બનેલા હતા એટલા માટે બનાવ બનેલો હતો, તેવી હકીકત તેમની જુબાનીમાં જણાવેલી છે. આમ, આ સાહેદને પણ તેમના દાદાએ ફોનથી બનાવ અંગે જાણ કરતા જાણ થયેલી છે તથા સાહેદે તેમની જુબાનીમાં તેઓ અહીં આવ્યા પછી આરોપીએ પૈસાની માંગણી કરેલ અને મકાન તેના નામે કરી દેવા માટેનું કહી મારઝુડ કરેલી તેવી હકીકત જણાવેલી છે. જો કે, આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં બનાવ બન્યો તે વખતે તેઓ અમદાવાદ હતા અને તેમને બનાવની જાણ તેમના દાદાનો ફોન આવતા થયેલી, તેમના મોટા બાપુ જીતેન્દ્રને માનસીક બીમારી હતી અને તેમની સારવાર અમદાવાદ સીવીલમાં ચાલતી હતી તેવી હકીકત કબુલ કરેલી છે. આમ, આ સાહેદની જુબાની ધ્યાને લેતાં, તેઓને પણ તેમના દાદાએ બનાવ વિશે

ફોનથી જાણ કરેલી છે તથા તેઓને બનાવ અંગે કોઇ જાત માહિતી નથી. વધુમાં, બનાવ નજરે જોનાર સાહેદોએ પણ તેઓની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન આપેલ ન હોઇ, આ સાહેદની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ બની શકે તેમ નથી.

**(૧૧.૧૧)** વધુમાં,મેડીકલ ઓફીસરોને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા છે. જે પૈકી મેડીકલ ઓફીસર ડો.શંભુપ્રસાદ બાબુલાલ રાયને આંક–૯થી તપાસવામાં આવેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં ગઇ તા.૧૫/૦૬/૧૭નાં રોજ મહાત્મા ગાંધી હોસ્પીટલ, સુરેન્દ્રનગરમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે બપોરના ૧/૧૦ કલાકે જોરાવરનગર પો.સ્ટે.નાં પોલીસ વીરેન્દ્રસીંહ પરમાર આરોપીના બ્લડ સેમ્પલ લેવા માટે પી.એઇ.આઇ.એ.પી.ગઢવીનો પત્ર લઇ, આરોપી જીગરભાઇને તેમની પાસે લાવેલા તેમ જણાવી આંક–૧૦થી પોલીસ યાદી, આંક–૧૧થી કેસ પેર્સ રજુ કરેલ છે તથા જણાવેલ છે કે, આરોપીનું બ્લડ સેમ્પલ મેળવી તેમના હોદ્દાનું અને હોસ્પીટલનું શીલ મારી લાવના પોલીસ કોન્સ્ટેબલને પત્ર સાથે તે જ દિવસે સોંપી આપેલ તેમ જણાવી આંક–૧૨થી રજુ બ્લડ સેમ્પલ સોંપ્યા બદલનાં પત્રમાં તેમની સહી, હોસ્પીટલનું શીલ તથા પોલીસ કોન્સ્ટેબલની સહી ઓળખી બતાવેલ છે. ત્યાર બાદ, આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં સરતપાસમાં જણાવેલ કામગીરી કરેલ ન હોવાનો તથા યોગ્ય રીતે સેમ્પલ લીધેલા ન હોવાનો ઇન્કાર કરેલ છે.

આમ, આ સાહેદની જુબાની ઘ્યાને લેતાં, બનાવ બાદ તેઓએ આરોપીનાં બ્લડ સેમ્પલ લીધેલા છે તે સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

તે જ રીતે,ફરીયાદ પક્ષે મેડીકલ ઓફીસર ડો.કુમાર રમાપતી આસીતને આંક–૧૪થી તપાસવામાં આવેલા છે જેઓની જુબાની ઘ્યાને લેતાં,તા.૬/૬/૧૭નાં રોજ ગાંધી હોસ્પીટલ ખાતે ફરજ પર હાજર હતા ત્યારે લીંબડી એ.એસ.આઇ.જશુભાઇ પ્રેમજીભાઇ એક ડેડબોડી જીતેન્દ્રભાઇ નાગરદાસની લાશ પી.એમ.કરવા માટે ઇન્કવેસ્ટ સર્ટી સાથે લઇને આવેલા તેમ જણાવી તા.૧૪/૬/૧૭ને કલાક ૫/૩૫ કલાકે

પી.એમ.શરૂ કરેલ અને તે દીવસે સાંજે ૬/૪૫ કલાકે પુર્ણ કરેલ તેમ જણાવી લાશનાં બાહય પરીક્ષણની વિગતોનું વર્ણન કરેલ છે તથા શબનાં અવયવોની તપાસ કરતા (૧) કપાળનાં જમણા ભાગે ૪ સે.મી. લંબાઇ x ૧ સે.મી.પહોળાઇનું ચકામુ, (૨) જમણા ભાગે ઉપરનાં જડબામાં એક ૪ સે.મી.લંબાઇ x ૧ સે.મી.પહોળાઇનું ચકામુ, (૩) નાકનીનીચેના ભાગે ૧/૩ ભાગમાં એક ચકામુ, (૪) જમણા ભાગે ખંભા ઉપર સામે અને ઉપરની ભાગે એક ૩ સે.મી.લંબાઇ x ૧ સે.મી.પહોળાઇનું ચકામુ, (૫) જમણા ભાગે કોણીની પાછળના ભાગે ૪ સે.મી.લંબાઇ x ૧ સે.મી.પહોળાઇનું એક ચકામુ, (૬) પાછળની ઉપરની ડાબી બાજુ એક સખત ચકામુ, (૭) જમણી બાજુના કુલા ઉપર એક ચકામુ, (૮) સામેની ભાગે દાંતના ઉપરનો ભાગ અર્ધો હલતો હતો અને જમણી બાજુની ઈનસાઈઝર દાંત અને કેનાઈન દાંત જોવા મળતા ન હતા તથા ડાબી બાજુ ઈનસાઈઝર અને સેકન્ડ પ્રીમોલર જોવા મળતી ન હતી, આ બધી ઈજાઓ મૃત્યુ પહેલાની હતી, તેમ જણાવેલ છેતથા લાશની આંતરીક તપાસ કરતા (૧) માથાની જમણી બાજુની પાછળના ભાગે ૨ ડાયામીટરનું એક ચકામુ, (૨) માથાના જમણી બાજુની આગળના ભાગે એક ફ્રેકચર ૩ x ૧ સે.મી.નું, (૩) મસ્તકની ટોપલી ખોલતા અંદરના ભાગે રકતસ્ત્રાવ ચાલુ હતો જે બ્રેન મેટર બહાર આવતુ હતુ ત્યાં એક ફ્રેકચર જોવા મળેલ જયાંથી બ્રેન મેટર બહાર નીકળતુ હતુ, (૪) શબની છાતીની આખી જમણી બાજુ ઉઝરડા સાથે ચકામા હતા, (૫) છાતીની જમણી અને ડાબી બાજુની પાંસળીઓ તુટેલી અસ્થીભંગ હાલતમાં હતી, (૬) પાંસળીઓ બધી તુટેલી અને દબાયેલી હતી, (૭) છાતી ખોલતા તેની અંદરની બાજુ લોહીથી ભરેલી હતી, (૮) જમણુ અને ડાબા ફેફસાના નીચેના ભાગે ઈજાઓ જણાયેલી, (૯) હૃદયની જમણી બાજુ પેરાકાર્ડીયમ લોહીથી ભરેલ હતુ અને ડાબી બાજુ ખાલી હતુ અને રકતવાહિનીઓ ખાલી હતી (૧૦) પેટની દિવાલ અને ત્વચાનું અંદરનુ આવરણ કન્ઝેસ્ટેડ હાલતમાં હતુ અને પેટ ખોલતા તેની અંદર લોહી ભરેલ હતુ, (૧૧) જીભ મોઢાની અંદર હતી, (૧૨) હોઝરી ખાલી અને કન્ઝેસ્ટેડ હતી, (૧૩) નાનુ આંતરડુ ખાલી હતુ અને ગેસ ભરેલ હતુ, (૧૪) મોટા આંતરડામાં મળ અને

ગેસ ભરેલ હતા, (૧૫) યકૃતવજન અને પીતાશય, બરોળ અને મુત્રપીંડ પણ કન્ઝસ્ટેડ હતા, (૧૬) પેશાબની કોથળી ખાલી અને કન્ઝસ્ટેડ હતી, (૧૭) જનનેન્દ્રીય પર કોઇ ઈજા માલુમ પડેલ નહી તેમ જણાવી મોતનું કારણ માથા અને મગજને ઈજા થવાથી થયેલ અને સાથે સાથે બન્ને ભાગનાં ફેફસાની ઈજાઓને કારણે મોત થયેલાનો અભિપ્રાય આપેલ છે. વધુમાં, મેડીકલ ઓફીસરે આંક-૧૫ થી ૧૮ અન્વયે પોલીસ યાદી, મરણોત્તર પંચનામુ, પી.એમ. રીપોર્ટ વિગેરે રજુ કરી જણાવેલ છે કે, લાશની ઈજાઓ જોતા કહી શકે કે આ ઈજાઓ કોઇ પણ ઓસરીની જાળીએ માથાને ભટકાડેલ હોય અને લાશની ઉપર આડેધડ લાતો અને પાટાઓ મારેલ હોય તો થઇ શકે તેવી ઈજાઓ હતી અને સદરહુ ઈજાઓ માણસને મૃત્યુ પમાડે તે પ્રકારની હતી તેમ જણાવેલ છે તથા મુદામાલ આર્ટીકલ નં.૧નો શર્ટ પી.એમ.સમયે લાશ પર જોયેલ અને પોલીસને તે સોંપેલ તે જ હોવાનું જણાવેલ છે. આ મેડીકલ ઓફીસરની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ કોલમ નં.૧૭માં જણાવેલ ઈજા કોઇ વ્યક્તિને ચકકર આવે અને સંતુલન ગુમાવે તો થઇ શકે તેવી હોવાનો ઈન્કાર કરેલ છે. જો કે, સખત બોથડ પદાર્થ સાથે માથુ ભટકાય તો ઈજા થઇ શકે તેવી હોવાનું જણાવેલ છે.

આમ, ઉપર મુજબની મેડીકલ ઓફીસરશ્રીની જુબાની તથા તબીબી પ્રમાણપત્રો અને સારવાર અંગેના કાગળો ઘ્યાનમાં લેતા બનાવમાં મરણ જનારને થયેલ ઈજાઓ સખત બોથડ પદાર્થ સાથે માથુ ભટકાય તો ઈજા થઇ શકે તેવી હોવાનું જણાવેલ છે. જે સંબંધે ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી અને સાહેદોની જુબાની વંચાણે લેતાં, તેઓએ તેમની જુબાનીમાં મરણ જનારને હાઇ બીપી તથા માનસીક બીમારી હોય, બનાવના દિવસે તેઓને હાઇબીપી થઇ જતા ચકકર આવતા પડી ગયેલા અને માથામાં લોખંડનો પલંગ વાગેલો અને પડી ગયેલા હોય લોહી નીકળેલુ અને લોહીની ઉલટી થયેલી તેવી હકીકત જણાવેલી છે. વધુમાં, ફરીયાદી તથા નજરે જોનાર સાહેદોએ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કરેલ ન હોઇ તે સંજોગોમાં ઉપરોકત તબીબી પુરાવો ફરીયાદ પક્ષને

મદદરૂપ બનતો નથી તથા ફરીયાદીને આ કામનાં આરોપીએ માર મારી મોત નિપજાવેલ હોવાનું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી.

**(૧૧.૧૨)** ફરીયાદ પક્ષે આંક–૨૫થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામાનાં પંચ ગૌતમભાઇ લક્ષ્મણભાઇ સોલંકીને આંક–૨૪થી તથા સહ પંચ પ્રવીણભાઇ ત્રીકમભાઇ રાઠોડને આંક–૩૪થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદો બનાવ બનેલ તે સંબંધમાં તેમની સોસાયટીના તથા આજુબાજુનાં મીત્રો ભેગા થઇ ગયેલા ત્યારે પોલીસે બે વ્યક્તિની જરૂરીયાત હોવાનું કહેતા તેઓ બન્ને પોલીસ નજીક ગયેલા અને લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી દીધેલી, આ લખાણ શું હતુ તેની ખબર નથી કે તેઓએ વાંચેલ નહી કે કોઇએ વંચાવેલ નહી તથા માત્ર પોલીસના કહેવાથી સહી કરી આપેલ, બીજુ કશુ જાણતા નથી તેમ જણાવી,આંક–૨૫થી રજુ બનાવવાળી જગ્યાનાં પંચનામાની કોઇ પણ હકીકતને સમર્થન આપતા ન હોઇ, ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેઓની લંબાણપુર્વક ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં તેઓની જુબાનીમાં ઉપરોકત પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તે જ રીતે,આંક–૧૬થી રજુ મરણોતર પંચનામાનાં પંચ રાજાભાઇ મનજીભાઇ મકવાણાને આંક–૨૭થી તપાસવામાં આવેલ છે જેઓએ તેમની જુબાનીમાં તા.૧૪/૨/૧૭નાં રોજ તેમને ગાંધી હોસ્પીટલમાં બોલાવેલા સાથે બીજા વીરાજભાઇ જીવણભાઇ,રહે.સરખેજ વાળા હતા ત્યાં હાજર પોલીસે કહેલ કે આ લાશનું પી.એમ.કરવાનું છે તેના પંચમાં રહેવાનું છે જેથી, તેઓએ અને વીરાજભાઇએ પંચમાં રહેવાની સંમતી આપેલ, સદર લાશ જીતેન્દ્રભાઇ નાગરભાઇ ચાવડાની તેમ જણાવી તેમની જુબાનીમાં લાશનું વર્ણન કરેલ છે તથા આ લાશને તેમની હાજરીમાં અવંતીકાબેન નરેશભાઇ પરમારે ઓળખી બતાવેલ અને આ પંચનામુ તેઓએ લખાવ્યા મુજબ લખી લીધા બાદ પ્રથમ તેઓએ સહી કરેલ અને ત્યાર બાદ, સાથેના વીરાજભાઇએ પંચ નં.૨ તરીકે સહી કરેલાનું જણાવેલ છે. આમ, સદર સાહેદ આંક–૧૬થી રજુ મરણોતર પંચનામાનાં પંચ સાહેદ છે તથા તેમની

જુબાનીથી તેમની હાજરીમાં મરણોતર પંચનામુ થયેલાનું જણાઇ આવે છે. આ સાહેદની આરોપી તરફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. જો કે, આ પંચ સાહેદની જુબાની તથા આંક–૧૬થી રજુ મરણોતર પંચનામુ જેમનું તેમ વંચાણે લેવામાં આવે તો પણ આરોપીને હાલનાં ગુન્હા સાથે સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે આ પંચનામાથી આ કામનાં આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં, આંક–૩૦થી રજુ મરણ જનારનાં કપડા કબ્જે કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદ પ્રકાશભાઇ ગીરીશભાઇ વાઘેલાને આંક–૨૯થી તથા સહ પંચ દીપકભાઇ રમેશભાઇ વાણીયાને આંક–૩૩થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આંક–૨૦થી રજુ પંચનામાની કોઇ પણ હકીકતને સમર્થન આપતા ન હોઇ, ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેઓની લંબાણપુર્વક ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં તેઓની જુબાનીમાં ઉપરોકત પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તથા પંચ દીપકભાઇ રમેશભાઇ વાણીયાએ તેમની આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં કહેવાતા પંચનામા વિશે જાત માહિતી ન હોવાનું અને કહેવાતુ પંચનામુ લખેલા કાગળમાં હતુ તેમાં સહી કરવાનું કહેતા સહી કરેલાનું કબુલ કરેલ છે. તે જ રીતે, પંચ સાહેદ રવીભાઇ મનુભાઇ મકવાણાએ આંક–૩૫થી તથા સહ પંચ કનુભાઇ ઉકાભાઇ ગેડીયાએ આંક–૩૯થી જુબાની આપી આંક–૩૬થી રજુ આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે કર્યા અંગેનાં પંચનામામાં તથા આંક–૩૭ અને ૩૮થી રજુ મુદ્દામાલ કાપલીમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ,જોરાવરનગર પોલીસ સ્ટેશનેથી પસાર થતા હતા ત્યારે પોલીસે બોલાવી તૈયાર ટાઇપ કરેલા લખાણમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી તેવું જણાવેલ છે તથા આંક–૩૬થી રજુ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. વધુમાં, આંક–૪૮થી રજુ આરોપીનાં બ્લડ સેમ્પલ કબ્જે કર્યા અંગેના પંચનામાનાં પંચ મુબારક અકબરઅલી પીરાણીને આંક–૪૭થી તપાસવામાં આવેલા છે જેઓએ તા.૧૫/૬/૧૭નાં રોજ તેઓ શાકભાજીની લારી લઇને જીગરભાઇ જીતેન્દ્રભાઇ ચાવડાના ઘર પાસેથી જતા હતા ત્યારે

પોલીસે બોલાવી તૈયાર કાગળમાં તેમની સહી લીધેલી અને બીજા પંચ તરીકે પરેશભાઇ શાંતીલાલ ભાટ્ટીની સહી લીધેલી તેમ જણાવેલ છે તથા આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં પોલીસના કહેવાથી લખેલા કાગળમાં સહી કરેલી તેમાં શું લખ્યુ હતુ તેની ખબર નથી કે તે તેઓએ વાંચેલ નથી તેવી હકીકત કબુલ કરેલ છે. જેથી, ઉપરોકત પંચોની જુબાની પણ ફરીયાદ પક્ષની હકીકતને મદદરૂપ થતી નથી. વધુમાં, આ કામે આરોપીને અટક કર્યાનું આંક–૨૨નું પંચનામુ આરોપી તરફે કબુલ કરવામાં આવેલુ છે. જો કે, સદરહું પંચનામાની હકીકત વંચાણે લેતાં આ કામનાં આરોપીને અટક કરવામાં આવેલ છે. પરંતુ, તેની પાસેથી હાલનાં ગુન્હામાં સાંકળી શકાય તેવી કોઇ ચીજ વસ્તુ કબ્જે કરવામાં આવેલ નથી કે તેવા કોઇ નોંધવાલાયક નિશાનો જોવામાં આવતા નથી તેવુ પંચનામામાં દર્શાવેલ છે. જેથી, ઉપરોકત પંચનામુ ફરીયાદ પક્ષને મદદરૂપ થતુ નથી. આમ,ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત તમામ પંચનામાઓ ફરીયાદ પક્ષને મદદરૂપ બનતા નથી.

**(૧૧.૧૩)** ફરીયાદ પક્ષે પી.એસ.ઓ.દાવલભાઇ સુલેમાનભાઇ મલ્લાને આંક–૬૧થી તપાસવામાં આવેલા છે જેઓએ તા.૧૪/૦૬/૧૭નાં રોજ જોરાવરનગર પી.એસ.ઓ. ચાર્જમાં હતા દરમ્યાન પી.એસ.આઇ.એ.પી.ગઢવીએ ફરીયાદીની ફરીયાદ દાખલ થવા હુકમ સાથે આપતા લખતર ફર્સ્ટ ગુ.ર.નં.૫૧/૧૭ મુજબ ગુન્હો રજીસ્ટર્ડ કરી, સ્ટેશન ડાયરી નં.૨૨/૧૭થી નોંધ કરી એફ.આઇ.આ. નામ.સુરેન્દ્રનગર કોર્ટ તરફ મોકલવા તજવીજ કરેલી અને આગળની તપાસ પી.એસ.આઇ.શ્રી એ.પી.ગઢવીનાંઓને સોંપી આપેલાનું જણાવી આંક–૦૮થી રજુ અસલ ફરીયાદ ઓળખી બતાવેલ છે તેમજ આંક–૬૨થી સ્ટેશન ડાયરીનાં ઉતારાની નકલ રજુ કરેલ છે. આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં આ સાહેદે તેઓએ માત્ર ૧૫જનાં ફોર્મમાં ઉતારો કરેલ છે, ફરીયાદ અંગે તેમને કોઇ જાત માહિતી ન હોવાનું કબુલ કરેલ છે.આમ,આ સાહેદ પોતાની ફરજ દરમ્યાન કરેલ કાર્યવાહી પુરતો પુરાવો આપે છે.

**(૧૧.૧૪)** ફરીયાદ પક્ષે હાલનાં ગુન્હાનું ચાર્જશીટ કરનાર પી.એસ.આઇ.મયુરસીંહ જોરૂભા જાડેજાને આંક–૬૫થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેતાં, જોરાવરનગર પો.સ્ટે.માં પી.એસ.આઇ.તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમના પુરોગામી પી.એસ.આઇ.એ.પી.ગઢવીનાંઓએ તપાસ કરેલ અને તેમની બદલી થતા આ ગુનાની તપાસ તેમને સોંપવામાં આવતા તપાસનાં કાગળો સંભાળી, મોટા ભાગની તપાસ એ.પી.ગઢવીએ પુર્ણ કરેલ હોય આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો રેકર્ડ પર આવેલ હોય આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, આ કામની તમામ તપાસ પોલીસ સબ ઇન્સ.શ્રી એ.પી.ગઢવીએ કરેલી છે.

**(૧૧.૧૫)** ફરીયાદ પક્ષે હાલનાં ગુન્હાનાં તપાસ કરનાર અધિકારી અમીતદાન પ્રવીણદાન ગઢવીને આંક–૬૮થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેતાં, ગઇ તા.૧૪/૦૬/૧૭નાં રોજ જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇન્સ.તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી ચાંદનીબેન જીતેન્દ્રભાઇ ચાવડાની ફરીયાદ તેમના રૂબરૂ લખી લઇ ફરીયાદ દાખલ કરવા પી.એસ.ઓ.ડી.એસ.મલ્લાને આપેલ અને આગળની તપાસ તેઓએ સંભાળી,ઇન્કવેસ્ટ પંચનામુ કરેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચો રૂબરૂ કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ, આરોપીને ધોરણસર અટક પંચનામાની વિગતે અટક કરેલ તથા મુદામાલ કપડા પંચનામાની વિગતે કબ્જે કરેલ, આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે કરેલ, આરોપીનાં બ્લડ સેમ્પલ પંચનામાની વિગતે કબ્જે કરેલાનું જણાવેલ છે તથા આંક–૬૯થી ૮૨ અન્વયે તેઓએ તપાસનાં કામે મેળવેલ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં મોટા ભાગની તપાસ તા.૧૪/૬/૧૭નાં રોજ કરેલ હોવાનું કબુલ કરેલ છે અને આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલાનો ઇન્કાર કરેલ છે. આમ, ઉપરોકત તપાસ કરનાર અધિકારીએ તેઓએ કરેલ તપાસની કાર્યવાહીનું વર્ણન કરેલ છે તથા તેઓની જુબાની દરમ્યાન તેઓએ બનાવવાળી

જગ્યાનું પંચ ગૌતમભાઇ લક્ષ્મણભાઇ અને પ્રવિણભાઇ ત્રીકમભાઇને સાથે રાખી સાહેદ ચાંદનીબેન જીતેન્દ્રભાઇએ બનાવવાળી જગ્યા બતાવતા તે જગ્યાએ પંચનામુ લખી લીધેલ હોવાની હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ છે. પરંતુ, આ કામનાં ફરીયાદી ચાંદનીબેને આંક–૦૭ની જુબાનીમાં તેમજ પંચ ગૌતમભાઇ લક્ષ્મણભાઇએ તેમની આંક–૨૪ની તથા પંચ પ્રવિણભાઇ ત્રીકમભાઇએ તેમની આંક–૩૪ની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી,આંક–૨૫નું બનાવવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર થતુ નથી. તે જ રીતે, સદર સાહેદે ભોગ બનનારના કપડા અંજનાબેન હરેશભાઇ પરમારે બે પંચો પ્રકાશભાઇ ગીરીશભાઇ તથા દીપકભાઇ રમેશભાઇની હાજરીમાં પંચનામાની વિગતે કબ્જે કરેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ, સાહેદ અંજનાબેન નરેશભાઇએ તેમની આંક–૨૧ની જુબાનીમાં તેઓએ કપડા રજુ કરેલ હોવાનુ જુબાનીમાં જણાવેલ નથી તથા પંચ પ્રકાશભાઇ ગીરીશભાઇએ તેમની આંક–૨૯ની અને પંચ દીપકભાઇ રમેશભાઇએ આંક–૩૩ની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી, ઉપરોકત આંક–૩૦નુ પંચનામુ પણ પુરવાર થતુ નથી. વધુમાં, તપાસ કરનાર અધિકારીએ પોતાની જુબાનીમાં આરોપી જીગર જીતેન્દ્રભાઇ ચાવડાનાઓએ બનાવ સમયે પહેરેલ કપડા બે પંચો રવિભાઇ મનુભાઇ અને કનુભાઇ ઉકાભાઇની હાજરીમાં રજુ કરેલ જેનું આંક–૩૬ વાળું વિગતવારનું પંચનામુ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, પંચ રવિભાઇ મનુભાઇ મકવાણાએ આંક–૩૫ની અને પંચ કનુભાઇ ઉકાભાઇએ આંક–૩૯ની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી, બનાવ સમયે આરોપીએ પહેરેલ કપડા આરોપીએ પંચો રૂબરૂ રજુ કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં, આરોપીનુ ગાંધી હોસ્પીટલ ખાતે બ્લડ સેમ્પલ લેવામાં આવેલ જે પોલીસ કોન્સ્ટેબલ વિરેન્દ્રસીંહ પ્રવીણસીંહ બ.નં.૭૫૩ વાળાએ બે પંચો મુબારકભાઇ અકબરઅલીભાઇ તથા પરેશભાઇ શાંતીલાલની હાજરીમાં રજુ કરતા તેનું આંક–૪૮ વાળુ પંચનામુ કરી કબ્જે લીધેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, ઉપરોકત આંક–૪૮ વાળા પંચનામાના પંચ મુબારક અકબરઅલી વીરાણીએ આંક–

૪૭ની અને પંચ પરેશ શાંતીલાલ ભટ્ટીએ આંક–પરની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. પરંતુ, મેડીકલ ઓફીસર ડો.શંભુપ્રસાદ બાબુલાલભાઇની જુબાની ધ્યાને લેતાં તેઓએ આરોપી જીગર જીતેન્દ્ર ચાવડાનું બ્લડ સેમ્પલ લીધેલ અને તે પોલીસ કોન્સ્ટેબલ બ.નં.૭૫૩ વાળાને સોંપી આપેલ હોવાની હકીકત તેમની આંક–૦૯ ની જુબાનીમાં જણાવેલ છે જેને ન માનવાને કોઇ કારણ જણાતુ નથી. જેથી,આ કામનાં આરોપી જીગર જીતેન્દ્રભાઇ ચાવડાનું બ્લડ સેમ્પલ લેવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં, તપાસ કરનાર અધિકારીએ પોતાની જુબાનીમાં એફ.એસ.એલ. રીપોર્ટ માટે યાદી કરેલ હોવાની હકીકત જણાવી આંક–૭૩થી તે યાદી તથા આંક–૭૪થી ઉપરોકત યાદી મળ્યાની પહોંચ, આંક–૭૩ અને ૭૪ અનુસંધાને એફ.એસ.એલ.રાજકોટ ધ્વારા સીરોલોજીકલ પૃથકકરણ રીપોર્ટ મોકલવામાં આવેલ છે જે આંક–૭૫થી રજુ કરેલ છે જો કે, આ કામે ફરીયાદી સાહેદ નં.૧ ચાંદનીબેન જીતેન્દ્રભાઇ ચાવડા કે જેઓ મરણ જનારના પુત્રી, સાહેદ નં.૪ મંજુલાબેન જીતેન્દ્રભાઇ ચાવડા કે જેઓ મરણ જનારનાં પત્નિ અને સાહેદ નં.પ અંજનાબેન નરેશભાઇ પરમાર કે જેઓ મરણ જનારનાં પુત્રી છે જેઓએ ફરીયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઇ તથા કપડા કબ્જે કર્યાનાં પંચનામાનાં પંચોએ પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોઇ ઉપરોકત એફ.એસ.એલ.અહેવાલ ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી. તે જ રીતે, તપાસ કરનાર અધિકારીએ આંક–૭૮થી, આ કામનાં ફરીયાદી ચાંદનીબેન જીતેન્દ્રભાઇ ચાવડાનું અને આંક–૭૯થી નજરે જોનાર સાહેદ મંજુલાબેન જીતેન્દ્રભાઇ ચાવડાનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. જો કે,ફરીયાદી ચાંદનીબેન જીતેન્દ્રભાઇ ચાવડાએ તેમની આંક–૦૭ની જુબાનીમાં અને સાહેદ મંજુલાબેન જીતેન્દ્રભાઇ ચાવડાએ તેમની આંક–૦૯ની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ નથી. વધુમાં,આરોપી તરફે વિ.વકીલશ્રીએ નામ.સુપ્રિમ કોર્ટનાં નીચે જણાવેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે જે માનપુર્વક વંચાણે લેતાં તેમાં પેરા–૮માં નીચે મુજબ જણાવેલ છે.

**Ram Kishan Singh vs Harmit Kaur And Anr.**

**AIR 1972 SC 468.**

8. A statement under Section 164 of the CrPC is not substantive evidence. It can be used to corroborate the statement of a witness. It can be used to contradict a witness. The first information report was considered by the Sessions Judge. Any special consideration of the statement of Hazura Singh under Section 164 of the CrPC could not have produced a different result by reason of the conclusions of the Sessions Judge as to rejecting the oral evidence of Nihal Knur, Harmit Kaur and Hazura Singh as unreliable, untruthful and unworth of credence.

આમ, નામ.સુપ્રિમ કોર્ટનાં ઉપરોકત ચુકાદાને હાલનાં કેસની હકીકત સાથે ધ્યાને લેતાં, ઉપરોકત બન્ને સાહેદોનાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનાં નિવેદનો ફરીયાદ પક્ષને મદદરૂપ થતા નથી.

વધુમાં, તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખેલાનું જણાવેલ છે. પરંતુ, આ કામે મરણ જનારનાં કુટુંબનાં સભ્યો એવા ફરીયાદી તથા સાહેદો ફરીયાદ પક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા નથી. વધુમાં, પંચ સાહેદોએ પણ તેમની હાજરીમાં કોઈ પંચનામા થયેલાનો ઈન્કાર કરેલ છે. આમ, ફરીયાદી સહિતનાં નજરે જોનાર સાહેદોએ કે જેઓ મરણ જનારનાં પરિવારનાં સભ્ય હોવા છતાં આ કામનાં આરોપીએ ફરીયાદમાં આક્ષેપિત કોઈ ગુન્હો આચરેલ હોય,તેવું જણાવેલ નથી અને જે સાહેદોએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો બનાવ બનેલ હોવાનું જણાવેલ છે તેઓએ બનાવ નજરે જોયેલ નથી તથા બનાવ અંગે તેઓને કોઈ જાત માહિતી નથી તે સંજોગોમાં, ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થનકારી કોઈ પુરાવો આવેલ નથી. ત્યારે માત્ર તપાસ કરનાર અમલદારનાં પુરાવાને આધારે આરોપી સામેનો કેસ વ્યાજબી શંકા રહિત પુરવાર થયેલો માની શકાય નહી અને તે સંજોગોમાં તપાસ કરનાર અધિકારીનો પુરાવો ફરીયાદ પક્ષને ઉપયોગી બનતો નથી.

**(૧૨)** આમ,રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો જોતાં, આ કામનાં આરોપી તેમના પિતા મરણ જનાર પાસે પૈસાની માંગણી કરતા હોય તેમજ મિલ્કત તેના નામે કરી

આપવા માંગણી કરી દબાણ કરતા હોય પરંતુ,ફરીયાદીના પિતા માંગણી પુરી ન કરતા, આરોપીએ ઉશ્કેરાઇ જઇ પોતાના પિતાને પોતાના જ ઘરે બનાવ સમયે ખુબ જ ઢીકા પાટુનો માર મારી તેમજ ઉંચા કરી, લોખંડની જાળી સાથે વારંવાર ક્રુરતાપુર્વક માથુ ભટકાડી,માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તથા શરીરે મુંઢ ઈજાઓ કરી, લાતો મારી, ક્રુર રીતે કરૂણ મોત નીપજાવી તથા શરીરે જે જગ્યાએ લોહી નીકળેલ તે જગ્યાએ કપડા લુછી સાફ કરી, પુરાવાનો નાશ કરી,ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા ૨૦૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે. જેથી,ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો તથા પુરાવો ધ્યાને લેતાં, મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામનાં આરોપી જીગરભાઈ જીતેન્દ્રભાઈ ચાવડા,રહે.લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટી,શેરી નં.૧,બ્લોક નં.૨,તા.વઢવાણ,જી.સુરેન્દ્રનગરનાંઓ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા ૨૦૧ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલનાં ગુન્હાનાં કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં હોઇ હુકમ અનુસાર જેલ યાદી કરવી.

આજ રોજ તારીખ ૧૦મી, માહે જાન્યુઆરી,સને ૨૦૨૩નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તારીખ:૧૦/૦૧/૨૦૨૩.
સ્થળ: સુરેન્દ્રનગર.

સહી/-
**(બીપીન કે. બારોટ)**
ચોથા એડિશ્નલ સેશન્સ જજ,
સુરેન્દ્રનગર
જજ કોડ નં.જીજે.૦૦૫૬૬.